| | | |
|---|---|---|
| રજુ તારીખ | : | ૨૩.૦૩.૨૦૨૬ |
| દાખલ તારીખ | : | ૨૩.૦૩.૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૦૩.૦૪.૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ |
| | | ૦૦ ૦૦ ૧૧ |

**મહીસાગરનાં મહેરબાન સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં,**
**મુ. લુણાવાડા, જી. મહીસાગર**

**ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૫૦/૨૦૨૬**

**આંક : ૦૬**

**અરજદાર :–** **શારદાબેન ઉર્ફે કોકિલાબેન કનુભાઈ ડામોર,**
ઉ.વ.આ.૩૩, ધંધો : ઘરકામ,
રહે. ઝેર સીમલા ભાઠોડ,
મુ.પોસ્ટ : બાકોર, તા. ખાનપુર,
જી.મહીસાગર.
હાલ : સબ જેલ, સંતરામપુર.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**બાબત :** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી...**

| |
|---|
| અરજદાર તરફે વિ.વ. **શ્રી કે. સી. પટેલ** |
| સામાવાળા તરફે વિ.પી.પી.**શ્રી એસ. આર. ડામોર** |

## –: ઠ રા વ :–

(૧) સદર અરજદાર બાલાસિનોર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૧૮૭૦૧૧૨૬૦૦૨૬/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ–૩૧૮(૪), ૫૪ નાં ગુનામાં જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ અરજદાર તરફે ચાર્જશીટ થયા બાદની આ રેગ્યુલર જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

(૨) અરજદારની અરજીની વિગત એવી છે કે, સદર ગુનો તા.૨૧.૦૧.૨૦૨૬ નાં રોજ નોંધાતા, અરજદારને તા.૦૬.૦૨.૨૦૨૬ નાં રોજ અટક કરી, બાલાસિનોરનાં મહે. એડી. ચીફ જયુડી. મેજી. સાહેબ શ્રીની કોર્ટમાં રજુ કરવામાં આવેલ. ત્યારબાદ અરજદાર તરફે તે જ કોર્ટમાં ક્રિ.પ.અ.નં.૨૨/૨૦૨૬ થી જામીન અરજી દાખલ કરેલ, જે અરજી તા.૨૦.૦૩.૨૦૨૬ નાં રોજ નામંજૂર કરવામાં આવેલ. ત્યારબાદથી અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે. સદર ગુનાનું ચાર્જશીટ ફો.કે.નં.૩૪૮/૨૦૨૬ થી દાખલ થયેલ હોય, અરજદાર તરફે હાલની રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૩) અરજદારના વિદ્વાન વ.શ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, હાલનાં અરજદારની આ પ્રથમ જામીન અરજી છે. અરજદાર તદ્દન નિર્દોષ છે, અરજદારે કોઇ ગુનો કરેલ નથી, હાલનાં કામે અરજદારને ટ્રાન્સફર વોરંટથી લાવી, હાલની ફરિયાદમાં શંકાનાં આધારે ખોટી રીતે સંડોવી દીધેલ છે. હાલનાં ગુનાની ફરિયાદી એક વર્ષ બાદ ઈરાદાપૂર્વક આપવામાં આવેલ છે અને વિલંબ અંગે કોઇ ચોક્કસ કારણો જણાવેલ નથી જેથી ફરિયાદ શંકા ઉપજાવે છે. અરજદાર વિરૂદ્ધ નામ જોગ ખોટો અને બનાવટી આક્ષેપ કરેલ છે. અરજદારને અનડીટેકટેડ ગુનામાં સંડોવેલ છે. અરજદારને બે દિવ્યાંગ બાળકો છે. હાલનાં ગુનામાં મહત્તમ સજાની જોગવાઇ ૭ વર્ષની છે અને જે.એમ.એફ.સી. ટ્રાયેબલ ગુનો છે.

વધુમાં જણાવેલ છે કે, એફ.આઇ.આર. માં અરજદારનો રોલ જોવામાં આવે તો, અરજદાર માત્ર બનાવ સમયે હાજર હતાં તેટલા પૂરતો સીમિત છે, અરજદારનો કોઇ ગુનાહિત ઈરાદો જણાય આવતો નથી. ફરિયાદમાં અરજદારે કોઇ પણ દરદાગીનાની છેતરપીંડી કરેલ હોય તેવો આક્ષેપ કરવામાં આવલ નથી, તેમજ ફરિયાદીએ જણાવેલ નાણાકીય વ્યવહાર અરજદારનાં એકાઉન્ટમાં થયેલ હોય તેવું જણાય આવતું નથી. અરજદાર જે હકીકત જાણતાં હતાં તે તમામ હકીકતો અરજદારે જણાવી દીધેલ છે. અરજદાર વિરૂદ્ધની તમામ તપાસ પૂર્ણ થઇ ગયેલ હોય, નામ. કોર્ટમાં ચાર્જશીટ દાખલ

થઇ ગયેલ છે. હવે અરજદારની કોઇ કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશનની જરૂરિયાત રહેતી નથી. તેમજ હાલનાં ગુનાનાં કામનાં તમામ દસ્તાવેજી પુરાવા પણ જમા થઇ ગયેલ હોય, ફરિયાદપક્ષનાં પુરાવાને તોડવા–ફોડવા, ચેડાં થવાની કોઇ સંભાવના રહેતી નથી. ઉપરાંત અરજદાર પાસેથી હાલનાં ગુનાનાં કામે કોઇ પણ પ્રકારનો ગુનાહિત મુદ્દામાલ રીકવર કે ડીસ્કવર કરવામાં આવેલ નથી. અરજદાર અરજીમાં જણાવેલ સરનામે કાયમી વસવાટ કરે છે, ત્યાં સ્થાવર તેમજ જંગમ મિલકત ધરાવે છે, અરજદાર ક્યાંય નાસી–ભાગી જાય તેમ નથી. અરજદાર છૂટક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે, જો લાંબો સમય જેલમાં રહે તો પરિવારનાં ભરણપોષણનો ગંભીર પ્રશ્ન ઉભો થાય તેમ છે. અરજદાર નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવા તૈયાર છે. 'જામીન એ નિયમ અને જેલ એ અપવાદ' નાં સિદ્ધાંતને ધ્યાને રાખી જામીન ઉપર મુક્ત કરવા અરજ કરેલ છે.

અરજદાર તરફે નીચે મુજબનાં નામ. સુપ્રિમ કોર્ટનાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતોનો આધાર રાખી જામીન આપવા માંગણી કરેલ છે.

૧. અર્નેશકુમાર વિ. બિહાર રાજ્ય.
૨. સંજય ચંદ્રા વિ. સી.બી.આઇ., ૨૦૧૨ જીએલએચ.
૩. સતેન્દ્રકુમાર અંતિલ વિ. સી.બી.આઇ. અને બીજા,(૨૦૦૨) ૧૦, એસ.સી.સી.૫૧.

(૪) વિદ્વાન પી.પી.શ્રીએ અરજદારની જામીન અરજીનો વિરોધ કરતાં જણાવેલ છે કે, હાલનાં સમયમાં લગ્નવાંછૂક યુવકોને લાલાચ આપી છોકરી બતાવી લગ્ન કરાવે પછી તે છોકરી ભાગી જાય, આવા બનાવો ઘણાં બની રહ્યા છે. અરજદારનાં ઘરે જ લગ્ન કરેલ છે. અરજદારે લગ્ન માટે દિકરી બતાવેલ છે. અરજદાર વિરૂદ્ધ બાકોર ખાતે પણ ગુનો નોંધાયેલ છે. ઉપરાંત બાયડમાં પણ અરજદાર વિરૂદ્ધ ત્રણથી ચાર અરજી પેન્ડીંગ છે.

વધુમાં જણાવેલ છે કે, હાલનાં અરજદાર તથા આરોપી નં.૨/અરજદારનાં પતિ કનુભાઇ નાઓએ અન્ય સહઆરોપીઓ સાથે મળી ફરિયાદીને લગ્ન કરાવવા માટે પોતાના ઘરે બોલાવી અન્ય આરોપી અરુણા ઉર્ફે સુમિત્રા નામની છોકરી બતાવી, લગ્ન કરવા સારુ ફરિયાદીને પરિવાર સાથે પોતાન ઘરે બલોાવી, ફરિયાદીની ખોટી લગ્ન વિધી કરાવી, ફરિયાદી

તથા અનય સાહેદો પાસેથી ચાંદીના દાગીના તથા રોકડ રકમ મેળવી છેતરપીંડી કરી ગુનો કરેલ છે. આમ, અરજદાર વિરૂદ્ધ પ્રથમદર્શનીય કેસ છે. અરજદારને જામીન મળવા બાબતે કોઇ નવું કારણ ઉભુ થયેલ નથી. જેથી હાલની જામીન અરજી નામંજૂર કરવા દલીલ કરેલ છે.

(૫) બંને પક્ષની દલીલો ધ્યાને લીધી તથા આ કામે રજુ અરજદારની અરજી તથા તે સાથેના દસ્તાવેજી પુરાવા, તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ આંક-૫ તથા ચાર્જશીટનું પાન તથા અન્ય તપાસનાં કાગળો વંચાણે લીધાં.

(૬) ફરિયાદીની ફરિયાદ જોતાં, આ કામનાં અરજદાર સામે બાલાસિનોર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૧૮૭૦૧૧૨૬૦૦૨૬/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ-૩૧૮(૪), ૫૪ મુજબનાં ગુનાનો આક્ષેપ છે. ચાર્જશીટનું પાન તથા અન્ય પોલીસ તપાસનાં કાગળો તથા ત.ક.મઅલદારનું સોગંદનામું વંચાણે લેતાં, અરજદારે તેમના પતિ સાથે મળી ફરિયાદીને લગન કરવા માટે આરોપી અરુણા ઉર્ફે સુમિત્રા બતાવી પોતાના મામાનાં દિકરી થતી હોવાનું જણાવી લગ્ન કરવા માટે દાગીના તથા રોકડ રકમ ફરિયાદી પાસેથી મેળવી લગ્ન વિધી કરાવી, આરોપી અરુણાને પરત પોતાના ઘરે બોલાવી લઇ, ફરિયાદી સાથે લગનનાં નામે છેતરપીંડી કરીને ગુનો કરેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય છે. હાલનાં કેસમાં અરજદાર/આરોપી સામેના ગુનામાં મહત્તમ ૭ વર્ષ સુધીની સજાની જોગવાઇ છે. તેમજ સદર ગુના અંગેનું ચાર્જશીટ દાખલ થઇ ગયેલ છે. અરજદાર સ્ત્રી છે. અરજદાર તરફે વિ.વ.શ્રીએ દ્વારા અરજદારને બે દિવ્યાંગ સગીર બાળકો હોવાની રજુઆત કરેલ છે, પરંતુ તે અંગેનો કોઇ પુરાવો રેકર્ડ ઉપર રજુ કરેલ નથી. પરંતુ સદર ગુનાનાં કામે તપાસ પૂર્ણ થઇ ગયેલ હોય, ચાર્જશીટ દાખલ થઇ ગયેલ છે.

નામ. સુપ્રિમ કોર્ટનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર જામીન અરજીનો નિર્ણય કરતી વખતે કેસનાં ગુણદોષ તથા પુરાવાઓની ઉંડાણમાં ચર્ચા કરવાની હોતી નથી. તેમજ જામીન અરજીનાં નિર્ણય સમયે આરોપી કેસ

ચાલતા દરમિયાન હાજર રહે તે સુનિશ્ચિત કરવાનું તેમજ ફરિયાદપક્ષનાં સાહેદોને ધાક–ધમકી, લાલચ, પ્રલોભન આપી તોડે ફોડાવે નહીં અને ફરીથી આ પ્રકારનાં ગુનામાં સંડોવાય નહીં તે નક્કી કરવાનું હોય છે.

નામદાર સુપ્રિમ કોર્ટે જામીન અંગે પ્રતિપાદિત કરેલ સિદ્ધાંતો ધ્યાને લેતાં, તપાસ પૂર્ણ થઇ ગયેલ છે, હાલનાં ગુનામાં સજાની જોગવાઈ તથા હાલનાં અરજદારનો ગુનામાં ભાગ જોતાં તથા અરજદાર મહીસાગર જિલ્લાનાં રહેવાસી હોય તથા કેસ ચાલતાં દરમિયાન અરજદારની હાજરી સરળતાથી મળી રહે તે માટે અરજદારને અમુક આકરી શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું નમ્રપણે માનવું થતું હોય, ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

**– : : હુકમ : : –**

(૧) અરજદાર/આરોપી **શારદાબેન ઉર્ફે કોકિલાબેન કનુભાઇ ડામોર,** ઉ.વ.આ.૩૩, ધંધો : ઘરકામ, રહે. ઝેર સીમલા ભાઠોડ, મુ.પોસ્ટ : બાકોર, તા. ખાનપુર, જી.મહીસાગર, હાલ : સબ જેલ, સંતરામપુર નાઓની હાલની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) નાં જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા **ટ્રાયલ** કોર્ટમાં રજુ કર્યેથી બાલાસિનોર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૧૮૭૦૧૧૨૬૦૦૨૬/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ–૩૧૮(૪), ૫૪ મુજબનાં કામે નીચેની શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

(૧) અરજદાર/આરોપીએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સદર કેસનાં સાક્ષીઓને ધાક–ધમકી આપી, પ્રલોભન, લાલચ આપી તોડવા ફોડવા નહીં

તથા પુરાવા સાથે ચેડાં કરવા નહીં.

(૨) અરજદાર/આરોપીએ ગુનાની ટ્રાયલ પૂર્ણ થતા સુધી કોર્ટની પરવાનગી સિવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહીં.

(૩) અરજદાર/આરોપીએ જામીન રજુ કરતી વખતે પોતાનું હાલનું સરનામું આધાર પુરાવા સાથે સંબંધિત કોર્ટ તથા ત.ક.અમલદાર રૂબરૂ રજુ કરવું તથા કોર્ટની પરવાનગી સિવાય તેમાં ફેરફાર કરવો નહીં.

(૪) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમિયાન બિનચૂક હાજર રહેવું અને ટ્રાયલમાં પૂરતો સહકાર આપવો.

હુકમ આજરોજ તારીખ ૦૩ જી, માહે–એપ્રિલ, સને ૨૦૨૬ નાં રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩.૦૪.૨૦૨૬
લુણાવાડા.

( **એમ. એન. ગડકરી** )
સેશન્સ જજ, લુણાવાડા, જી.મહીસાગર
કોડ નં. જીજે.૦૦૪૨૫

એન.ડી.ખખ્ખર,
ગુજ.સ્ટેનો.